RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 181 Date: 22.04.2024 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# કોંગ્રેસ "રોકાણ વિરોધી, ઉદ્યોગસાહસિકતા વિરોધી, ખાનગી ક્ષેત્ર વિરોધી, કરદાતા વિરોધી છે : વડાપ્રધાન





બેંગલુરુ,તા.૨૧

બેંગલુરુ છેલ્લા કેટલાક અઠવાડિયાથી પાણીની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા છે. કર્ણાટકમાં સત્તાધારી કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા પીએમ મોદીએ કહ્યું કે પાર્ટીએ ×ટેક સિટી×ને ×ટેક્કર સિટી× બનાવી દીધી છે. જેના પર મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પલટવાર કર્યો છે અને પૂછ્યું છે કે જ્યારે કર્ણાટક પૂર અને દુષ્કાળ સામે ઝઝૂમી રહ્યું હતું ત્યારે વડાપ્રધાન ક્યાં હતા?

દેશભરમાં યોજાઈ રહેલી લોકસભા ચૂંટણીમાં કર્ણાટકની ૨૮ લોકસભા બેઠકો માટે બે તબક્કામાં મતદાન થશે. પ્રથમ તબક્કા માટે ૨૬ એપ્રિલે અને બીજા તબક્કા માટે ૭ મેના રોજ મતદાન થશે. જ્યારે બેંગલુરુની તમામ સીટો પર ૨૬મી એપ્રિલે મતદાન થશે. મતદાનના દિવસો પહેલા શહેરમાં એક રેલીને સંબોધતા વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે તેઓ દેશને આગળ લઈ જવા માગે છે અને કોંગ્રેસ પર ×રોકાણ વિરોધી, ઉદ્યોગસાહસિકતા વિરોધી, ખાનગી ક્ષેત્ર વિરોધી, કરદાતા વિરોધી, સંપત્તિ સર્જક વિરોધી× હોવાનો આરોપ મૂક્યો હતો. .

કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે નાદપ્રભુ કેમ્પેગૌડાએ બેંગલુરુને અદ્ભુત શહેર બનાવવાનું સપનું જોયું હતું. પરંતુ, કોંગ્રેસ સરકારે થોડા જ સમયમાં અહીં સ્થિતિ બગડી. કોંગ્રેસે ટેક્સ સિટીને ટેક્કર સિટીમાં ફેરવીને પાણી માફિયાઓને સોંપી દીધું છે. એગ્રીકલ્ચર હોય કે શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, દરેક જગ્યાએ બજેટમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે, કોંગ્રેસ સરકારનું ફોકસ માત્ર ભ્રષ્ટાચાર પર છે. બેંગલુરુના લોકોની સમસ્યા પર નહીં. કર્ણાટકમાં માત્ર કેન્દ્ર સરકારના પ્રોજેક્ટ જ ઝડપથી ચાલી રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે બેંગલુરુ યુવા શક્તિ, યુવા પ્રતિભા અને ટેકનોલોજીનું પાવર હાઉસ છે. પરંતુ, કોંગ્રેસ અને ભારતનું ગઠબંધન ટેકનોલોજીની વિરુદ્ધ છે. આજે આખી દુનિયા ડિજિટલ ઈન્ડિયાના વખાણ કરી રહી છે. ભારતની ફિનટેકની પ્રશંસા કરી. કોંગ્રેસ પાર્ટીએ આધાર કાર્ડનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે જનધન ખાતાનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે ડિજિટલ પેમેન્ટની મજાક ઉડાવી હતી. કોરોનાના સમયગાળા દરમિયાન, બેંગલુરુના આઈટી ઉદ્યોગે આખી દુનિયાને ખૂબ ટેકો આપ્યો. પરંતુ, આ એ જ કોંગ્રેસ છે જેણે કોરોના દરમિયાન ર્ઝ્રઉૈંહ પ્લેટફોર્મનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસે મેડ ઈન ઈન્ડિયા કોરોના વેક્સીનને બદનામ કરી.

તેમણે કહ્યું કે મોદી કહે છે કે અમે દેશને ગ્રીન એનર્જી હબ, ફાર્મા હબ, ઈલેક્ટ્રોનિક હબ, સેમિકન્ડક્ટર હબ, ગ્લોબલ ઈનોવેશન હબ બનાવીશું, જેથી ભારત વૈશ્વિક અર્થતંત્રનું હબ બની જાય. પરંતુ, કોંગ્રેસ અને ભારતનું ગઠબંધન કહે છે કે 'મોદીને હટાવીશું'. મોદીની ગેરંટી છે કે તેઓ પજી પછી ૬જી લાવશે, તેઓ કહે છે 'મોદીને હટાવી દેશે'. મોદીની ગેરંટી છે કે તેઓ છૈં લાવશે, તેઓ કહે છે 'મોદીને હટાવી દેશે'. મોદીની ગેરંટી છે કે ચંદ્રયાન પછી તેઓ ગગનયાનનો મહિમા આપશે, તેઓ કહે છે 'મોદીને હટાવી દેશે'.

પીએમ મોદીએ કહ્યું, ×તમે ૨૦૧૪ અને ૨૦૧૯માં રેકોર્ડ વોટથી જીતીને જે મજબૂત સરકાર બનાવી હતી, તેણે દેશને મજબૂત બનાવ્યો હતો. દુનિયાએ ભારતની ગણતરી પાંચ 'નાજુક' દેશોમાં કરી હતી. દુનિયાએ વિચાર્યું હતું કે ભારત પોતે ડૂબી જશે, અમે પણ ડૂબી જઈશું.× તે સમય હતો જ્યારે ભારતીય બેંકો મોટી મુશ્કેલીમાં હતી અને આજે તમામ દેશો ભારત સાથે તેમની મિત્રતા મજબૂત કરવા માંગે છે આજે ભારતમાં રેકોર્ડ રોકાણ છે, આજે ભારત પણ રેકોર્ડ નિકાસ કરી રહ્યું છે.વડાપ્રધાન મોદીએ તેમના પાડોશી દેશ પાકિસ્તાન પર જોરદાર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે જે દેશ આતંકવાદનો સપ્લાયર છે તે આજે લોટની સપ્લાય માટે તરસે છે.

## જાપાની નૌસેનાના બે સી હોક હેલિકોપ્ટર ક્રેશ, એકનુ મોત



જાપાની નૌસેનાના બે હેલિકોપ્ટર રુટિન ટ્રેનિંગ દરમિયાન ક્રેશ થઈ જવાના કારણે હેલિકોપ્ટરમાં સવાર સાત ક્રુ મેમ્બર લાપતા છે. જ્યારે એકનો મૃતદેહ દરિયામાંથી મળી આવ્યો છે. સાત સભ્યોની શોધખોળ ચાલી રહી છે.જાપાનના સંરક્ષણ મંત્રી માઈનોરુ કિહારાએ મીડિયાને કહ્યુ હતુ કે, 'મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સના બે એસએચ-૬૦ હેલિકોપ્ટરોએ ચાર-ચાર ક્રુ મેમ્બર સાથે ઉડાન ભરી હતી અને શનિવારે મોડી રાતે ટોકયોથી ૬૦૦ કિલોમીટર દૂર આવેલા તોરીશિમા દ્વીપ પાસે તેમનો કંટ્રોલ ટાવર સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો. આ બંને હેલિકોપ્ટરો ક્રેશ કેવી રીતે થયા તેની ચોક્કસ જાણકારી નથી મળી પરંતુ હવામાં તેઓ એક બીજા સાથે ટકરાયા હોવાની આશંકા છે.'તેમણે કહ્યુ હતુ કે, 'રેસ્ક્યુ ટીમોએ હેલિકોપ્ટરનુ ડેટા રેકોર્ડર તથા બીજા અવશેષો પ્રાપ્ત કર્યા છે. આ તમામ અવશેષો એક જ વિસ્તારમાંથી મળી આવ્યા છે. ડેટા રેકોર્ડરના અભ્યાસના આધારે અકસ્માતનુ કારણ જાણવા મળે તેવી શક્યતા છે.દરમિયાન લાપતા ક્રુ મેમ્બરોની શોધખોળ માટે આઠ યુધ્ધ જહાજો તેમજ બીજા પાંચ વિમાનો તૈનાત કરવામાં આવે છે. ક્રેશ થયેલા હેલિકોપ્ટર સી હોક તરીકે પણ ઓળખાય છે. જે અલગ અલગ પ્રકારના મિશન હાથ ધરવા માટે સક્ષમ છે. જાપાન પાસે આવા ૭૦ હેલિકોપ્ટરો છે.તુટી પડેલા હેલિકોપ્ટર પાણીની અંદર હંકારી રહેલી સબમરીનની ભાળ મેળવવાની ટ્રેનિંગ પર હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટરોનો સંપર્ક તુટયો તે પહેલા તેમણે એક ઈમરજન્સી સિગ્નલ પણ મોકલ્યો હતો.

## બાબા રામદેવને સુપ્રીમ કોર્ટનો વધુ એક ઝટકો : દંડ સહિત સર્વિસ ટેક્સમાં ભરવા પડશે કરોડો રૂપિયા



બાબા રામદેવના પતંજલિ યોગપીઠ ટ્રસ્ટને સુપ્રીમ કોર્ટમાંથી ઝટકો લાગ્યો છે. કોર્ટે એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયને માન્ય રાખ્યો હતો જેમાં ટ્રસ્ટને યોગ શિબિરોના આયોજન માટે વસૂલવામાં આવતી પ્રવેશ ફી પર સર્વિસ ટેક્સ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઉજજવલ ભુયાનની ખંડપીઠે કસ્ટમ ડ્યુટી, એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ઝઈજીછ્)ની અલ્હાબાદ ખંડપીઠે ૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ આવેલા નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરી દીધો છે.ખંડપીઠે ટ્રસ્ટની અપીલને ફગાવી દેતાં કહ્યું કે, ટ્રિબ્યુનલે યોગ્ય જ કહ્યું છે કે ફી વસૂલાતા શિબિરોમાં યોગ કરવું એ એક સેવા છે. અમને આ આદેશમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ ન મળ્યું. તેથી આ અપીલ ફગાવી દેવામાં આવે છે. ઝઈજીછ્ એ પોતાના આદેશમાં કહ્યું હતું કે, પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા આયોજિત રહેણાંક અને બિન-રહેણાંક યોગ શિબિરોમાં સામેલ થવા માટે ફી લેવામાં આવે છે તેથી તે 'સ્વાસ્થ્ય અને ફિટનેસ સેવા'ની શ્રેણીમાં આવે છે અને તેના પર સર્વિસ ટેક્સ લાગશે.યોગ ગુરુ રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણના નેતૃત્વ હેઠળ કાર્યરત આ ટ્રસ્ટ વિવિધ શિબિરોમાં યોગની તાલીમ આપતું હતું. ટ્રિબ્યુનલે પોતાના આદેશમાં કહ્યું હતું કે, સહભાગીઓ પાસેથી દાનના ભાગરૂપે યોગ શિબિરો માટે ફી એકત્ર કરવામાં આવી હતી. જો કે આ રકમ દાન તરીકે એકઠી કરવામાં આવી હતી પરંતુ આ ઉપરોક્ત સેવાઓ પૂરી પાડવા માટેની ફી જ હતી. તેથી તે ફીની વ્યાખ્યા હેઠળ આવે છે.કસ્ટમ ડ્યુટી અને સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી મેરઠ રેન્જના કમિશનરે ઓક્ટોબર ૨૦૦૬થી માર્ચ ૨૦૧૧ માટે દંડ અને વ્યાજ સહિત લગભગ ૪.૫ કરોડના સર્વિસ ટેક્સની માગણી કરવામાં આવી હતી. તેના જવાબમાં ટ્રસ્ટે દલીલ કરી હતી કે તેઓ એવી સેવાઓ પૂરી પાડે છે જે બીમારીઓની સારવાર માટે છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે, આ સેવાઓ 'સ્વાસ્થ્ય અને ફિટનેસ સેવાઓ' હેઠળ કરપાત્ર નથી. હવે પતંજલિએ આ ૪.૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે.

## ગાંધીનગર લોકસભાની ૧૯૯૯થી ૨૦૦૯ સુધીની ૩ ચૂંટણીમાં ૩૪ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી હતી

હાલમાં લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે અને ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે ત્યારે ગાંધીનગર લોકસભા બેઠકનો ઈતિહાસ જોઇએ તો વર્ષ ૧૯૯૯થી ૨૦૦૯ સુધીમાં યોજાયેલી ત્રણ ચૂંટણીઓમાં ગાંધીનગર બેઠક પર ચૂંટણી લડનાર કુલ ૪૦ ઉમેદવારોમાંથી ૩૪ની ડિપોઝીટ પણ જપ્ત થઇ ગઇ હતી. માત્ર ૬ એટલે કે દરેક ચૂંટણીમાં મુખ્ય બે પાર્ટીના ઉમેદવારોને મત મળ્યા હતા.ગાંધીનગર લોકસભા બેઠકમાં વર્ષ ૧૯૯૯માં ૮, વર્ષ ૨૦૦૪ની ચૂંટણીમાં ૧૩ અને ૨૦૦૯ની ચૂંટણીમાં ૧૯ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. આ રીતે ૪૦ પૈકી ૩૪ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઇ હતી. આ સમયગાળા દરમિયાન ૧૩મી ૧૪મી અને ૧૫મી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સૌથી વધુ મતદાન ૧૫મી લોકસભાની ૨૦૦૯માં યોજાયેલી ચૂંટણીમાં ૫૦.૮૩ ટકા થયું હતું. આ ચૂંટણીમાં સૌથી વધુ ત્રણ મહિલા ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. જોકે, ત્રણેયની ડિપોઝીટ જપ્ત થઇ હતી.વર્ષ ૧૯૯૯માં ૧૩મી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ગાંધીનગર બેઠક પર ૮ ઉમેદવાર ચૂંટણી લડ્યા હતા. ચૂંટણીમાં ૧૮.૩૩ લાખ મતદારો હતા. જે પૈકી ૭.૪૧ લાખ મતદારોએ મતદાન કર્યું હતું. વર્ષ ૨૦૦૪માં યોજાયેલી ૧૪મી લોકસભાની ચૂંટણીમાં ગાંધીનગરમાં ૧૩ ઉમેદવારો મેદાનમાં હતા. આ ચૂંટણીમાં ૨૧.૨૬ લાખ મતદારોમાંથી ૮.૪૫ લાખ મતદારોએ મતદાન કર્યું હતું.

## પાકિસ્તાનને મિસાઈલ બનાવવામાં મદદ કરતી ચાર કંપનીઓ પર અમેરિકાનો પ્રતિબંધ, પાકિસ્તાન ભડકયું





અમેરિકાએ પાકિસ્તાનના મિસાઈલ પ્રોગ્રામ માટે ટેકનોલોજી પૂરી પાડી રહેલી બેલારુસની એક તેમજ ચીનની ત્રણ કંપનીઓ પર પ્રતિબંધ મુકી દીધા બાદ પાકિસ્તાનની સરકાર હાંફળી-ફાંફળી થઈ ગઈ છે.અમેરિકાએ કરેલી કાર્યવાહી બાદ શનિવારે પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કહ્યુ હતુ કે, 'એકસપોર્ટ કંટ્રોલના કાયદાનો રાજકીય ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.'અમેરિકાનુ નામ લીધા વગર વિદેશ મંત્રાલયના પ્રવકતા મુમતાઝ બલોચે બળાપો ઠાલવતા કહ્યુ હતુ કે, 'આખી દુનિયા જાણે છે કે, જે દેશો પરમાણુ હથિયારો પર નિયંત્રણ લાદવાની વાત કરે છે તેમણે કેટલાક દેશો માટે એડવાન્સ ટેકનોલોજી પ્રાપ્ત કરવા લાઈસન્સની જરુરિયાતને પણ માફ કરી દીધી છે. આ પ્રકારના બેવડા ધોરણો અને ભેદભાવથી પરમાણુ હથિયારો પર નિયંત્રણ રાખતી સિસ્ટમની વિશ્વસનિયતા પર સવાલો ઉઠવા સ્વાભાવિક છે અને તેના કારણે વૈશ્વિક તથા ક્ષેત્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાનો ઉદ્દેશ પણ જોખમાય છે. આ પહેલા પણ કોઈ પૂરાવા આપ્યા વગર કેટલીક કંપનીઓને પાકિસ્તાનના મિસાઈલ પ્રોગ્રામ સાથે સંકળાયેલી હોવાના આરોપસર પ્રતિબંધિત કરી દેવામાં આવી હતી.'તેમણે આગળ કહ્યુ હતુ કે, 'અમને અમેરિકાના નવા નિયમોની ઉંડાણપૂર્વકની જાણકારી નથી પણ અગાઉ પણ માત્ર શંકાના આધારે અમેરિકાએ આ પ્રકારની કાર્યવાહી કરી છે. તેની સામે પાકિસ્તાને પહેલા પણ એકસપોર્ટ કંટ્રોલના કાયદાને મનસ્વી રીતે લાગુ કરતા પહેલા સબંધિત પક્ષો સાથે વાતચીત કરવામાં આવે તેવી ભલામણ કરેલી છે.

## ગાઝામાં નવાજૂની થશે? તૂર્કીના રાષ્ટ્રપતિ અને હમાસ ચીફ વચ્ચે અઢી કલાક સુધી બેઠક

તૂર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન અને હમાસના ચીફ ઈસ્માઈલ હાનિયા વચ્ચે બેઠક થયા બાદ ગાઝામાં નવાજૂની થવાની અટકળો વેગ પકડી રહી છે.

તૂર્કીના ઈસ્તંબુલમાં બંને વચ્ચેની બેઠક અઢી કલાક ચાલી હતી અને એ પછી એર્દોગને ઈઝરાયલ પર બરાબર માછલા ધોયા હતા. તેમણે કહ્યું હતું કે, 'ઈઝરાયલે ગાઝામાં કરેલી કાર્યવાહી માનવતા પર ધબ્બા સમાન છે. ઈઝરાયલ બાળકો અને મહિલાઓને મારીને અપરાધ કરી રહ્યુ છે અને તેને કોઈ પણ કાળે યોગ્ય ઠેરવી શકાય તેમ નથી.'તૂર્કીના મીડિયા રિપોર્ટ અનુસાર અઢી કલાકથી વધારે સમય ચાલેલી બેઠકમાં એર્દોગને હમાસને મુક્તિ જૂથ ગણાવ્યું હતું અને ઈઝરાયલીઓને નાઝીઓ કરતા પ ણ ખરાબ ગણાવ્યા હતા. એર્દોગન અને ઈસ્માઈલ હાનિયા વચ્ચેની વાતચીતમાં પેલેસ્ટાઈનની એકતા જળવાઈ રહે તે મુદ્દા પર ભાર મુકાયો હતો. એર્દોગને કહ્યું હતુ કે, 'પેલેસ્ટાઈના નાગરિકો એક થઈને રહેશે તો જ ઈઝરાયલને હરાવી શકશે. ઈઝરાયલ સામેની જીતનો રસ્તો એકતામાંથી જ નીકળી શકશે.' પશ્ચિમના દેશો હમાસને આતંકી સંગઠન માને છે પણ તૂર્કીએ હમાસને પેલેસ્ટાઈનની આઝાદી માટે લડી રહેલા સંગઠનનો દરજ્જો આપેલો છે. તૂર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન જ્યારથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં સંઘર્ષ થયો છે ત્યારથી ઈઝરાયલનો કટ્ટર વિરોધ કરી રહ્યા છે અને ગત વર્ષે તેમણે ઈઝરાયલના વડાપ્રધાન નેતાન્યાહૂની સરખામણી હિટલર સાથે કરીને ઈઝરાયલને આતંકી દેશ જાહેર કરી દીધો હતો.

## *આજનો વિચાર*

**શરીર શ્વાસ થી ચાલે અને સંબંધ સ્વાર્થ થી**
**જેટલાં વળગશો તેટલાં જ સળગશો**
- MANNISH *( MINTOO )*

### તંત્રી લેખ......

# બીજા તબક્કાની ચૂંટણીમાં ઉતરેલા ઉમેદવારોમાં ૩૯૦ કરોડપતિ

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન થઈ ગયું છે, હવે બીજા તબક્કાનું ૨૬મી એપ્રીલે મતદાન થશે. જોકે બીજા તબક્કામાં જે પણ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, તેમાં દર સાતમાંથી એક ઉમેદવારની સામે ગંભીર ગુનાના કેસો છે. જ્યારે દર ત્રણમાંથી એક કરોડપતિ છે. આ માહિતી ચૂંટણીઓ પર કામ કરતી સંસ્થા અસોસિએશન ફોર ડેમોક્રેટિક રાઇટ્સના રિપોર્ટમાં સામે આવી છે. બીજા તબક્કાના ૧૧૯૮માંથી ૧૧૯૨ ઉમેદવારો પર આ અભ્યાસ હાથ ધરાયો હતો.

૨૬મી એપ્રીલે બીજા તબક્કાનું મતદાન થશે, જેમાં ઉમેદવારી નોંધાવનારા ઉમેદવારોમાં દર સાતમાંથી એક સામે ગંભીર ગૂનાના કેસ ચાલી રહ્યા છે. એડીઆરના જણાવ્યા મુજબ ૧૬૭ ઉમેદવારો સામે ગંભીર ગુનાના કેસો ચાલી રહ્યા છે. જેમાં ત્રણ ઉમેદવારો સામે હત્યા, ૨૪ સામે હત્યાનો પ્રયાસ, ૨૫ ઉમેદવારો સામે મહિલાઓ સામેના અપરાધ અને ૨૧ સામે ઉશ્કેરણીજનક ભાષણનો કેસ ચાલી રહ્યો છે. ૩૨ ઉમેદવારોને તેમની સામે દાખલ ગુનામાં ગુનેગાર પણ જાહેર કરી દેવામાં આવ્યા છે.

ગંભીર ગુનાના કેસો ચાલી રહ્યા છે તેવા ઉમેદવારોની પક્ષો સાથે સ્થિતિ પર નજર કરીએ તો ભાજપના ૨૧, કોંગ્રેસના ૨૨, સીપીઆઇ(એમ)ના ૭, સપાના બે અને જદ(યુ)ના એક, શિવસેના (યુબીટી)ના એક ઉમેદવારનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં આવનારા ૪૫ મતવિસ્તારોને રેડ એલર્ટની કેટેગરીમાં રાખવામાં આવ્યા છે, જ્યાં ત્રણથી ચાર ઉમેદવાર સામે ક્રિમિનલ કેસો ચાલી રહ્યા છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર બીજા તબક્કામાં ૩૯૦ જેટલા કરોડપતિ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૬૪ કરોડપતિ ઉમેદવારો સાથે ભાજપ આગળ છે. જ્યારે કોંગ્રેસના પણ ૬૨ કરોડપતિ ઉમેદવારો મેદાનમાં છે. અન્ય પક્ષો પર નજર કરીએ તો સીપીઆઇ(એમ)ના ૧૨, જદ(યુ)ના ૫, શિવસેના(યુબીટી)ના ૪, સમાજવાદી પાર્ટી (સપા)ના ૪ અને ટીએમસીના પણ ચાર ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ તમામ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ એક ઉમેદવાર દીઠ ૫.૧૭ કરોડ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસના કરોડપતિ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૩૯.૭૦ કરોડ અને ભાજપના ઉમેદવારોની ૨૪.૬૮ કરોડ રૂપિયા છે.

કોંગ્રેસના માંડ્યાના ઉમેદવાર સ્ટાર ચંદ્ર પાસે સૌથી વધુ ૬૨૨.૯૭ કરોડ રૂપિયાની સંપત્તિ છે, બેંગલુરુ ગ્રામીણના ઉમેદવાર ડી કે સુરેશ પાસે ૫૯૩.૦૫ કરોડ રૂપિયાની, જ્યારે ભાજપના મથુરાના ઉમેદવાર અને અભિનેત્રી હેમા માલિની પાસે ૨૭૮.૯૩ કરોડ રૂપિયાની સંપત્તિ છે. જ્યારે બીજી તરફ મહારાષ્ટ્રના નાંદેડના એક અપક્ષ ઉમેદવાર પાસે માત્ર ૫૦૦ રૂપિયા હોવાનું તેમણે જાહેર કર્યું છે. જ્યારે સૌથી ઓછી રકમવાળા બીજા ઉમેદવાર તરીકે કાસરગોડના રાજેશ્વરી પાસે માત્ર ૧૦૦૦ રૂપિયા અને અમરાવતીના ઉમેદવાર એડવોકેટ પૃથ્વી સમ્રાટ પાસે પણ માત્ર ૧૪૦૦ રૂપિયા હોવાનું તેઓએ જાહેર કર્યું છે.

# ગાંધીનગર સંસદીય મત વિસ્તારના જનરલ ઓબ્ઝર્વર શ્રી વિનયકુમારના અધ્યક્ષ સ્થાને નોડલ અધિકારીઓ સાથે ચૂંટણી કામગીરી સમીક્ષા બેઠક યોજાઇ



ગાંધીનગર સંસદીય મત વિસ્તારના જનરલ ઓબ્ઝર્વર શ્રી વિનયકુમારના અધ્યક્ષ સ્થાને નોડલ અધિકારીઓ સાથે ચૂંટણી કામગીરી સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં અમદાવાદ પૂર્વના જનરલ ઓબ્ઝર્વર શ્રી અભિનવ ચંદ્રા, મહેસાણાના જનરલ ઓબ્ઝર્વર શ્રી આદિત્ય નેગી અને પોલીસ ઓબ્ઝર્વર શ્રી મનોજકુમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકના આરંભ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ તમામ જનરલ ઓબ્ઝર્વરનું શાબ્દિક સ્વાગત કરીને ચૂંટણી કામગીરીની ઝાંખી રજૂ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ ગાંધીનગર સંસદીય મત વિસ્તારની ચૂંટણી કામગીરીની સમીક્ષા રજૂ કરવા પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું.

આ પ્રેઝેન્ટેશનમાં ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મત વિભાગની માહિતી આપવામાં આવી હતી. તેની સાથે તમામ વિધાનસભા મતદાર વિભાગના આર.ઓ અને એ.આર.ઓ. નો પરિચય કરવામાં આવ્યો હતો. તેમજ વિધાનસભા મતદાર વિભાગ અનુસાર ડિસ્પેચીંગ, રીસેવીંગ, સ્ટ્રોગ રૂમ અને મત ગણતરી સેન્ટરની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેની સાથે તમામ વિધાનસભા મતદાર વિભાગમાં કેટલા સ્ત્રી – પુરૂષ મતદારોની આંકડાકીય વિગત, મતદાન મથકો, ઈવીએમ, વીવીપેટ મશીન, પોલીંગ સ્ટાફ, પોલીસ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશનની આંકડાકીય વિગત રજૂ કરવામાં આવી હતી. તેમજ તેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી. તેની સાથે ન્યાયિક અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કરવામાં આવેલી કામગીરી સાથે રૂટ અને ઝોનલ ઓફિસરની પણ માહિતી આપવામાં આવી હતી.

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગના જનરલ ઓબ્ઝર્વર શ્રી વિનયકુમારે જણાવ્યું હતું કે, પોલીંગ સ્ટેશન મતદાનની પ્રક્રિયામાં સૌથી મહત્વની બાબત છે. મતદાર મતદાન કેન્દ્ર પર મતદાન કરવા આવે ત્યારે ચૂંટણી પંચના સૂચન અનુસારની તમામ સુવિધા હોવી ખૂબ જરૂરી છે. તેની સાથે ઘણા મતદારો પોતાનું વાહન લઈ આવે તો તેની પાર્કિંગ સુવિધા અને મતદાન કરીને બહાર નીકળતા મતદારો અને મતદાન કરવા આવતાં મતદારોની જવા -આવવાની સુવિધા સરળ હોવી પણ ખૂબ જરૂરી છે. તેમણે પોસ્ટલ બેલેટથી થનાર મતદાનની વિગતો, મેન પાવરની માહિતી, એ.સી. અનુસાર સ્ટાફની ટ્રેનિંગ જેવી વિવિધ વિગતો સંબંધિત નોડલ અધિકારીઓ પાસેથી મેળવી હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી અને એક્સપેન્ડટીચર મોનીટરીંગના નોડલ શ્રી સંજય મોદી, ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમશેટ્ટી, અધિક નિવાસી કલેકટર શ્રી દિગંત બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પાર્થ કોટડિયા સહિત તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહાવીર જન્મ કલ્યાણક નિમિતે અજરામર એક્ટિવ અસોર્ટ દ્વારા વાંકાનેર શહેરમાં બૂંદીના લાડવાનું વિતરણ કરવામાં આવ્યું.




**મોરબી જિલ્લાના વાંકાનેર શહેરમાં તા. ૨૧/૦૪/૨૦૨૪ રવિવારના રોજ મહાવીર જન્મ કલ્યાણક (મહાવીર જયંતી) નિમિત્તે અજરામર એક્ટિવ અસોર્ટ દ્વારા વાંકાનેર શહેરના ચાવડી ચોક મેઈન બજાર પાસે વાંકાનેર તાલુકા તેમજ શહેરની જાહેર જનતા માટે સવારના ૧૦:૩૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી આશરે ૨૫૦૦ જેટલા બૂંદીના લાડવાની પ્રભાવના (પ્રસાદી)નું વિતરણ કરવામાં આવ્યું હતું.**

## ઝાલાવાડમાં લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલી વાન અને ટ્રક અથડાતા ૯ લોકોના મોત

જયપુર,તા.૨૧

ઝાલાવાડના અકલેરા નજીક પંચોલામાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. લગ્નના સમારોહમાંથી પરત ફરી રહેલી વાન અને ટ્રક અથડાતા નવ લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ એસપી રિચા તોમરે જણાવ્યું કે આ દુખદ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. અહીં ઝડપભેર મારુતિ વાન અને ટ્રક-ટ્રોલી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી

## વાંકાનેર શહેરમાં મહાવીર જન્મકલ્યાણકના પાવન પર્વ નિમિત્તે પ્રભાતફેરીનું આયોજન કરાયું




**મોરબી જિલ્લાના વાંકાનેર શહેરમાં તા. ૨૧/૦૪/૨૦૨૪, રવિવારના રોજ મહાવીર જન્મકલ્યાણક (મહાવીર જયંતી)ના પાવન પર્વ નિમિત્તે વાંકાનેર શહેર ખાતે બિરાજતા પૂજ્ય શ્રી કૌશલ્યાબાઈ મહાસતીજીની નિશ્રામાં વાંકાનેર સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા એક અનેરી પ્રભાત ફેરીનું આયોજન થયું હતું જેમાં વહેલી સવારે ૬:૪૫ વાગ્યે ઉપાશ્રયથી ચાવડી ચોક, પુલ દરવાજા, પ્રતાપ ચોક, પ્લે હાઉસ, દેરાસર અને ઉપાશ્રય આપેલ રુટ મુજબની પ્રભાત ફેરીનું એક વિશિષ્ટ આયોજન થયું હતું.**

## કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી વિરુદ્ધ ભાજપની આચારસંહિતા ભંગની ફરિયાદ

રાજકોટ,તા.૨૧

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો જંગ જામ્યો છે. રાજ્યની ૨૬ લોકસભા અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ૧૯મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરી દીધા હતા. ભાજપે રાજકોટ બેઠકથી કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી સામે દરગાહમાં ચૂંટણી પ્રચાર બદલ આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ કરવા ચૂંટણી પંચને રજૂઆત કરી છે. કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ આચારસંહિતાનો ભંગ કર્યો હોવાની ભાજપે ચૂંટણી પંચને રજૂઆત કરી છે. ભાજપે દાવો કર્યો છે કે, કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાંકાનેરમાં ધાર્મિક સ્થળ દરગાહની મુલાકાત લીધી હતી. ત્યારે તેમણે કોંગ્રેસ પક્ષના ચૂંટણી ચિન્હ વાળો ખેસ પહેરીને દરગાહ ઉપર ફુલ અને ચાદર ચઢાવી હતી. કોંગ્રેસ પક્ષના ઉમેદવાર હોવા છતા તેમણે ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કર્યો છે. આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.જ્યારે પણ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે, ત્યારે એક આચારસંહિતા લાગુ કરવામાં આવે છે, જેની મદદથી ચૂંટણી સંપૂર્ણપણે નિષ્પક્ષ અને મુક્ત રીતે થઈ શકે છે. આદર્શ આચારસંહિતા એટલે કે ચૂંટણી પંચની સૂચનાઓ જેનું દરેક પક્ષે ચૂંટણીના અંત સુધી પાલન કરવાનું રહેશે.

# કોઈ વિદેશીનું નામ બદલાવવું છે???

આપણે ત્યાં સોળ સંસ્કારનું મહત્વ છે. નામાભિધાન સંસ્કાર એ પૈકીનો અગત્યનો સંસ્કાર છે. નવજાત શિશુનું નામકરણ કરવામાં આવે છે. ઓળીઝોળીને પીપળપાન ફોઈએ રાખ્યા નામ. નામકરણ કરવાનો સંપૂર્ણ ઈજારો ફોઇ હસ્તક હતો!! આમ, તો નવજાતનું નામ પાડવાનો અધિકાર નવજાતનો જ હોવો જોઇએ! જે નામ જીંદગીભર જળોની જેમ ચીરતી રહેવાનું હોય કે તેનો ભાર વેંઢારવાનો હોય તેને જ પોતાનું નામ પાડવાનો અધિકાર હોવો જોઇએ. પણ પાર્ટી નાબાલિગ હોવાથી ખુદ ગબ્બરનું નામ પાડી ન શકે તેથી ફોઇ નામ પાડે છે. સંભવ છે કે ફઈએ પાડેલ નામ જુનવાણી હોય તો મામ બધાને ધાધરની માફક ચચરે છે!! પછીના દોરમાં ફઇના અધિકારનું બાહુલ્ય ઘટ્યું છે!હવેના જમાનામાં માબાપ ઢંગધડા વગરના નામ રાખે છે. દીકરીનું નામ મિકી રાખે છે પણ દીકરાનું નામ માઉસ રાખતા નથી. એક છોકરીનું નામ સી-જી છે. ભગવાન જાણે શું અર્થ નીકળતો હશે?

વ્યકિતગત રીતે આપણને આપણું નામ ન ગમે તો ગેઝેટમાં છપાવી બદલી શકીએ છીએ. મહારાષ્ટ્રમાં કે બંગાળમાં પરણીને આવેલી નવોઢાનું નામ બદલવામાં આવે છે.

આઝાદી પછી મહોલ્લા, શેરી,ચોક,વિસ્તાર નગરના નામો બદલવામાં આવેલ છે. અમુક શહેરોના નામના ઉચ્ચારણ કરવામાં અંગ્રેજોને તકલીફ પડતી હોઇ મુંબાઇનું બોમ્બ કે ચેન્નાઇનું મદ્રાસ કરેલ હતું. હાલમાં કોઇ વિદેશી વ્યકિત કે મુસ્લિમોના નામ હોય તેવા શહેર, ગામ, રસ્તા ચોકના નામ બદલવાનો એજન્ડા જોરશોરથી ચાલી રહ્યો છે. માત્ર નામ બદલવાથી કોઇની નિયતિ કે બદહાલી, ગરીબી, બેકારી , પ્રદૂષણ વગેરેમાં તસુભર ફરક પડતો નથી. ઉલ્કાનું નવા નામ મુજબ બોર્ડ, નકશા,ફોર્મ વગેરે છપાવવાનો ખર્ચ વધે છે!!

સ્થાનિક, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ નામાભિધાનને મળેલી અભૂતપૂર્વ , અશ્રુતપૂર્વ, કલ્પનાતીત, અપ્રતિમ અને અનુપમ સફળતાના પગલે આપણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામાભિધાન પ્રવૃત્તિનું ફલક વિસ્તૃત કરેલ છે.!!

શેકસપિયરે કહ્યું છે કે નામમાં શું રાખ્યું છે?જયારે નરસિંહ મહેતાએ કહ્યું છે કે ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવા અંતે તો હેમનું હેમ હોયે!!

બાળપણના હુલામણા નામો સિતેર વરસની વયે આહ્લાદક લાગે છે. ભરબજારે ભદ્રેશભાઇ બુમ પાડો તો પાર્ટી ન સાંભળે પણ એ ભદિયા બુમ પાડો તો પાર્ટીના પગમાં એબીએસ બ્રેક લાગી જાય.

હમણા ગાંધીનગર એક કાર્યક્રમ યોજાયેલો. તેમાં ડબલ્યુએચઓના ટેડરોઝ ગેબ્રેયેસો હાજર રહેલ હતા. તેમણે પાકો ગુજરાતી હોવાનો દાવો વગર એફિડેવિટે કર્યો અને ગુજરાતી નામકરણ કરવા વિનંતી કરી. નામકરણ અને જાતજાતના મંત્રો રચવાના નિષ્ણાતે તેનું નામ તુલસીભાઇ નામ પાડ્યું.

આ સફળતાથી પ્રેરાઇને આપણી સરકારે પ્રધાનમંત્રી નામાભિધાન યોજના ( વિદેશી) અમલમાં મુકનાર છે!એમાં વિદેશી નેતાઓના નામ બદલવામાં આવનાર છે! યુક્રેનના ઝૂલેન્સ્કીનું નાન જેન્તીભાઇ રાખવામાં આવશે.રશિયાના પુતિનનું નામ પથુભાઇ, ઈંગ્લેન્ડના વડાપ્રધાનનું નામ બચુભાઇ ,માર્ગારેટ થેચરનું નામ મણિબેન રાખવામાં આવશે.!

તમારે કોઇનું નામ બદલાવું હોય તો જરૂરથી અરજી કરજો!!

ભરત વૈષ્ણવ

## દાદરા નગર હવેલીમાં ૨૧ દિવસમાં નાણાં ડબલની લાલચ આપી ૭૩ લાખની છેતરપિંડી

દાદરા નગર હવેલી,તા.૨૧

દાદરા નગર હવેલીમાં ૨૧ દિવસમાં રૂપિયા ડબલ કરવાની લાલચ આપીને ૧૦ વ્યક્તિ પાસે રોકાણ કરાવ્યા બાદ નાણાં પરત ન કરાતા વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેનો ગુનો દૂધની પોલીસ મથકે નોંધાયો હતો. આ કિસ્સામાં આરોપી તરીકે વર્ણવાયેલા સંદીપ શંકર બોરસાએ હાલ દાનહ બેઠક પર બહુજન સમાજવાદી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે.મોટી દમણના નવીનભાઈ ડાહ્યાભાઈ પટેલે ફરિયાદમાં જણાવાયું કે, ૨૦૨૨માં જી.એસ.બી. મોરિંગા પ્રા. લિ. તથા જી.એસ.બી. ગીતાંજલિ પ્રા.લિ.ના નામથી સંદીપ બોરસા તેમજ દિલીપ બોરસા બિઝનેસ ચલાવતા હતા. સંદીપ બોરસાએ પોતાની કંપનીને પબ્લિક લિમિટેડમાં નવીન પટેલને રોકાણ કરવા કહ્યું હતું જે ૨૧ દિવસમાં પૈસા ડબલ કરી આપશે તેવી લાલચ આપી હતી. જેમા નવીનભાઈએ ૩૩ લાખ, મોહમદઅલીએ રૂ. ૪,૬૮,૦૦૦, સુમન પટેલે રૂ. ૧૨,૨૪,૦૦૦, જયંત પટેલે ૫,૫૦,૦૦૦, રણજીત વળવીએ ૪ લાખ, દીપક કનુ પટેલે ૪,૩૯,૦૦૦, જગદીશ પાટકરે રૂ. ૩,૨૨,૦૦૦, બિપિન પટેલે રૂ. ૩,૪૮,૫૦૦, હિતેશ ભંડારીએ રૂ.૧,૮૬,૦૦૦ તથા સન્મય રાઠોડે રૂ. ૧,૨૦,૦૦૦નું રોકાણ કર્યું હતું.

## દિલની દુઆઓ સાથે મનાવવામાં આવ્યો બ્રહ્માકુમારીઝ ગાંધીનગર રાજયોગીની કૈલાશ દીદીજીનો ૭૭મો જન્મદિવસ

૨૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બ્રહ્માકુમારીઝ ગાંધીનગર પ્રભારી આદરણીય કૈલાશ દીદીજીના ૭૭માં જન્મદિવસ નિમિત્તે સેક્ટર.૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર પર સવારના નિયમિત મુરલી કલાસ બાદ પીસપાર્ક હૉલમાં પરમપિતા પરમાત્મા શિવ બાબાને વિશેષ ભોગ-પ્રસાદ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ દીદીજીનું આત્મસ્મૃતિનું તિલક અને પુષ્પગુચ્છથી સ્વાગત અભિવાદન કરવામાં આવેલ. આ સુઅવસર પર રાજસ્થાનના સેનગરવા સેવાકેન્દ્રના બી.કે.શાંતિબેન તથા બી.કે.વિદ્યાબેનની આગેવાનીમાં આવેલ ૨૪ જેટલાં બ્રહ્માકુમાર ભાઈ બહેનો પણ



સામેલ થયેલ. ઉપસ્થિત સૌ બ્રહ્માકુમારી ટીચર બહેનોએ દીદીજી સાથે મળીને દીદીજીના સ્વાસ્થયપૂર્ણ દીર્ઘાયુ માટે દિલની શુભભાવના શુભકામના સહ દુઆઓ વહેવડાવતા બર્થ ડે નિમિત્ત કેન્ડલ લાઇટિંગ તથા કેક કટિંગ કરી શબ્દોમાં પોતાની શુભ કામનાઓ આપેલ. દીદીજી એ પણ પોતાના વકતવ્યમાં બ્રહ્માકુમારી સંસ્થાના આદ્યસ્થાપક બ્રહ્માબાબા સાથેના અનુભવ અને ગાંધીનગર સેવાકેન્દ્રના ઈતિહાસને યાદ કરી સર્વેને દુઆથી ભરપૂર કરેલ. કાર્યક્રમના અંતમાં સૌને બાબાના ભોગનું જળ, કેકની સાથે દીદીજીએ પોતાના હાથે બાબાનો ભોગ આપેલ તથા આઈસ્ક્રીમથી સૌનું મુખ મીઠું કરાવેલ.

# ચાણસ્મામાં પ્રમાણમાં વિચિત્ર કહી શકાય એવી ઘટના

**ચાણસ્મામાં પ્રમાણમાં વિચિત્ર કહી શકાય એવી ઘટનામાં પોતાના સાહેબના કહેવાથી સાહેબનાં કોઈ સંબંધીને ફોન કરતાં એ વ્યક્તિએ સાહેબના વતી ફોન કરનારને ફોન પર ગાળો બોલી હતી. જે અંગે મામલો ની પોલીસ સુધી પહોંચ્યો હતો.**

**આ અંગેની વિગતો એવી છે કે, ચાણસ્મા ખાતે રહેતા તાલુકાનાં ઘરૂ ભાટવાસણા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કંચનકુમાર તા. ૧૯મીનાં રોજ પોતાની નોકરી પર હતા ત્યારે તેમનો પ્રિન્સિપાલ જિતેન્દ્ર પ્રજાપતિએ શિક્ષક કંચનકુમારને કહેલ કે, મારા સંબંધી ફોન ઉપાડતા નથી તો તમારા મોબાઈલ ઉપરથી મારા સંબંધીને ફોનથી વાતચીત કરો તેવું જણાવતાં કંચનકુમારે તેમનાં ઉપરી સાહેબ હોવાથી તેઓનું પાલન કરી તેમનાં સંબંધીને ફોન કરતાં સામેથી ફોન રિસીવ કરતાં કંચનકુમારે તેમને કોણ બોલો છો?' તેવું પૂછતાં સામેથી કંચનકુમારને જણાવેલ કે, 'ચેતનભાઈ પ્રજાપતિનો મિત્ર બોલું છું. ચેતનભાઈને દવાખાને દાખલ કરેલા છે. એટલે કંચનકુમારે પૂછ્યું કે, 'તેમને શું થયું છે? તમે મેં કોણ બોલો છો?' તો સામેથી કહેલ કે, હું હનીફભાઈ બોલું છું એ પછી કંચનકુમારે ફોન બંધ કરી દીધો હતો.**

**ત્યારબાદ શાળાનો સમય પૂરો થતાં શિક્ષક તેમનાં ઘેર જતાં તેમની પર ફરીથી ફોન આવતાં સામેથી ગાળો બોલીને તારે ઝઘડો કરવો હોય તો મહેસાણા આવીજા તેવી ધમકી આપી ને કહેલ કે, મારા ફોન પર તું આજ પછી ફોન કરતો નહિં તેમ જણાવ્યું હતું.**

**આ બનાવ અંગે કંચનભાઈએ ફરીયાદ નોંધાવતાં પોલીસે આઈપીસી ૫૦૭/૫૦૪ મુજબ ગુનો નોંધ્યો હતો**

# શું અમે ગાભા પાર્ટી છીએ ? આજે ભાજપના કાર્યકર્તાઓ પણ ભાજપની વિરુદ્ધમાં છે.: કોંગ્રેસ

આજરોજ પ્રેસ અને મીડીયાના મિત્રોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતુ કે,સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની વિરુદ્ધનું વાતાવરણ છે. જ્યાં એમના ઉમેદવારો જાય છે ત્યાં જાકારો મળે છે. લોકો અણીયાળા પ્રશ્નો પૂછીને બેરોજગારી, પેપર ફૂટે, બ્રિજ તૂટે, ખેડૂતોને ડુંગળીના કે કપાસના ભાવ, પાણી, જીએસટી જેવા અનેક મુદ્દે પ્રશ્નોની જડી વરસાવે છે. ભાજપમાં ઘણા સમય પછી આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. ભાજપના નેતાઓ જાહેરમાં એકબીજા સામે આક્ષેપો કરે, ઉમેદવારો બદલવા પડે અને બદલ્યા પછી વધારે વર્ગવિગ્રહ ઊભો થાય, કમલમ પર ટોળાઓ ભેગા થાય, ભાજપનો પેજ પ્રમુખ કે કાર્યકર એમ કહે કે અમારે શું આવા લોકોની પાલખી ઉપાડવાની છે, જે ગઈકાલ સુધી અમને ગાળો આપતા હતા ? શું અમે ગાભા પાર્ટી છીએ ? આજે ભાજપના કાર્યકર્તાઓ પણ ભાજપની વિરુદ્ધમાં છે.



ભૂતકાળમાં એકાદો વર્ગ ક્યાંક વિરોધ કરતો હોય તો તેની સાથે સંવાદ નહીં પરંતુ સંઘર્ષ કરવાનો, બેરહમીથી પોલીસનો દુરુપયોગ કરવાનો અને પછી ભાજપ જીતતું હતું, એટલે આ વખતે પણ ભાજપને એમ હતું કે કાંઈ નહીં પરિણામ આપણી તરફેણમાં જ આવવાનું છે અને અહંકારથી કહેતા હતા કે પાંચ-પાંચ લાખની લીડથી જીતશું. હવે સમાજના તમામ વર્ગ, ધર્મ, જાતિના લોકો ભારતીય જનતા પાર્ટી સામે એક થઈને ભાજપને પાઠ ભણાવવા માંગે છે.પાટીદાર મિત્રો એવી પોસ્ટ મૂકે છે કે, અમે જ્યારે ભાજપ સરકાર પાસે અમારી વાત મુકતા હતા ત્યારે અમારી સાથે સંવાદ કરવાના બદલે અમારી સામે પોલીસનો દુરુપયોગ થયો, અમારી બહેન-દીકરીઓને ઘરમાંથી કાઢીને એમના પર લાઠીચાર્જ થયા. પાટીદાર યુવાનોએ ભાજપના નેતાને જનરલ ડાયરનું બિરુદ આપ્યું હતું. કોઈપણ આંદોલન ચાલે ત્યારે પોલીસે કેમ વહેવાર કરવો તે સરકાર તેને કહેતી હોય છે. હું પોતે આરોગ્ય વિભાગનો મંત્રી હતો, અમારા ડોક્ટર્સના આંદોલન થતાં ત્યારે હું સામેથી પોલીસને કહેતો કે સહેજ પણ બળપ્રયોગ કરશો નહીં. હું સામેથી સંવાદ કરતો અને અમે એનો રસ્તો કાઢતા. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં લોકશાહીમાં આંદોલન થાય તો પોલીસને સૂચના એવી કે મારો, પીટો. આવું પાટીદાર આંદોલન વખતે પણ એમણે કર્યું.જૂનાગઢમાં કોળીની દીકરી ચાંદનીનું પ્રકરણ થયું, કોળી સમાજ ન્યાયની માંગણી કરતો હતો, ત્યારે એમની સાથે સંવાદ નહીં પરંતુ સંઘર્ષ કર્યો. ભાવનગર જિલ્લાના પાલીતાણામાં એક શૈક્ષણિક સંસ્થાની ટાંકીમાં કોળીની દીકરી પડીને ડૂબી ગઈ છે એવી વાત આવી. કોળી સમાજના આગેવાનો જોવા ગયા, એમણે ફરિયાદ આપી. મને પણ ફરિયાદ કરી કે, સાહેબ, આ પાણીની ટાંકીમાં દીકરી ડૂબીને મરી શકે તેમ નથી, આની તપાસ કરાવો. ભાજપનો એક મોટું માથું આ શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલ હોવાથી કોઈ તપાસ થઈ નહીં. આજે ભાવનગર જિલ્લાના કોળી સમાજના આગેવાનો પોરબંદરમાં ઘેર-ઘેર જઈને કહી રહ્યા છે કે, આને મત નહીં આપતા.

ભાજપ સામે આદિવાસી સમાજનો પણ આક્રોશ છે, કારણ કે તેમના હકના પૈસા નકલી ઓફિસ બનાવીને ખાઈ ગયા છે. એકમાત્ર આદિવાસી મુખ્યમંત્રી કોંગ્રેસના ટેકાથી ઝારખંડમાં હતા એમને પણ ગેરકાયદેસર રીતે જેલમાં નાખ્યા છે. વન સંપત્તિ પર અધિકારનો કાયદો કોંગ્રેસ પક્ષો બનાવ્યો હતો. આદિવાસી સમાજને હજુ સુધી ગુજરાતમાં એનો રેવન્યુ રેકોર્ડ મળ્યો નથી, જેથી આદિવાસી સમાજ નારાજ છે. આદિવાસી સમાજના શિક્ષણ પ્રત્યેની બેદરકારી સરકારની છે. એક આઈ.એ.એસ. અધિકારીએ પત્ર લખ્યો કે, આદિવાસી વિસ્તારની શાળાઓમાં શિક્ષણની કકોડી હાલત છે. આદિવાસી વિસ્તારની શાળાઓમાં એક શિક્ષક હોય અને ચોથા ધોરણમાં ભણેલા બાળકને પહેલા ધોરણ જેટલું પણ નથી આવડતું, એ એમના ભવિષ્ય સાથે ગંભીર ચેડા છે. ભૂતકાળમાં ઠાકોર સમાજ સાથે પણ આવો જ વ્યવહાર થયો હતો.

અહંકાર સાથે જે રીતે રાજકોટ ભાજપના ઉમેદવારે વાત કરી તેનાથી સમગ્ર દેશની બહેન-દીકરીઓનું અપમાન થયું. કોઈપણ રાજા-મહારાજાઓ હોય, જેમાં રાજપૂતો હતા, કારડીયા સમાજના આગેવાનો હતા, કાઠી દરબારો હતા, નાડોદા સમાજના હતા, બક્ષીપંચમાં આવેલ ઘણી-બધી જ્ઞાતિના રાજા-મહારાજાઓ હતા, બ્રહ્મ સમાજમાંથી બ્રાહ્મણોના રાજા-રજવાડા હતા, આદિવાસી રાજાઓ હતા, ભીલ રાજાઓ હતા, પાટીદારોને પણ પટ્ટા મળ્યા હતા અને પાટીદારોનું પણ શાસન હતું અને કોઈપણ રાજા-મહારાજાએ પોતાની બહેન-દીકરીઓ અંગ્રેજોને નહોતી આપી. આ દેશની તમામ જ્ઞાતિ એ વ્યક્તિ સામે એટલા માટે ઊભી થઈ છે કે, ગામેગામ પાળીયા છે, જુદી-જુદી જ્ઞાતિઓના રાજા-મહારાજાઓ હતા, એમણે ગાય માતા માટે, માતૃભૂમિ માટે, બહેન-દીકરીઓની લાજ માટે શહીદી વહોરી હતી, છતાં તેમના માટે આવું નિવેદન આપવા છતાં ભાજપે અહંકારથી એ ઉમેદવારને નથી બદલ્યા. આ જ વ્યક્તિએ ભૂતકાળમાં બનાસકાંઠામાં ચૂંટણી દરમિયાન જઈ માલધારી સમાજના વ્યક્તિ ચૂંટણી લડતાં હતા ત્યારે માલધારી સમાજ માટે પણ આવો જ વાણી વિલાસ કર્યો હતો.

આ બધાના કારણે ભાજપ વિરુદ્ધ એક જુવાળ ઉભો થયો છે ત્યારે ભાજપે વિચાર્યું કે ફ્રી એન્ડ ફેર (સ્વતંત્ર) ચૂંટણી થશે તો ભાજપનું ગુજરાતમાં દેવાળું નીકળશે એટલે ભાજપે એક તરકીબ રચી. કોઈને કોઈ પ્રકારનો નાનો મુદ્દો ઉઠાવી કોંગ્રેસ પક્ષના ઉમેદવારી ફોર્મ રદ કરાવો, સ્પર્ધા જ થવા ન દો, એટલે આપણને કોઈ હરાવી નહીં શકે. અમને પણ આની ગંધ આવી ગઈ હતી. હું આભાર માનીશ કોંગ્રેસ પાર્ટીની લીગલ ટીમનો, વોરરૂમના સાથીઓનો, જિલ્લાના આગેવાનોનો કે તેમણે ખૂબ ચીવટ રાખી, ચિંતા રાખી, એક પણ ફોર્મ રદ ન થાય તેની કાળજી રાખી. ભાજપે ૧૮ જગ્યાએ વાંધા લીધા હોવા છતાં એક પણ જગ્યાએ તેમનો વાંધો ટક્યો નહીં. આજે અમરેલીમાં પણ જેનીબેન ઠુંમર સામે સાવ ખોટા વાંધાઓ લીધા હતા તે ફોર્મ પણ મંજૂર થયું. ભાવનગરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર સામે પણ વાંધા લીધા હતા. અમરેલીમાં સિનિયર એડવોકેટ પંકજ ચાંપાનેરી ગયા હતા, એમણે દલીલો કરી. ભાવનગરમાં પણ આપના ઉમેદવાર સામે વાંધા હતા, પરંતુ અમારા શહેર કોંગ્રેસ પ્રમુખ હિતેશ વ્યાસ જેવો એડવોકેટ છે, તેમણે દલીલો કરી હતી. સુરતમાં ઉમેદવારે ફોર્મ ભર્યું એ દિવસથી ભાજપને ફાળ પડી હતી, કારણ કે સુરતમાં સૌરાષ્ટ્રવાસીઓ જેમાં ખાસ કરીને પાટીદારોની નારાજગી હતી, માલધારી સમાજના ઘણા ભાઈઓ કે જેઓ સૌરાષ્ટ્રમાં વસે છે તેમના ગૌચરો ગયા છે, માલધારીઓ સાથે ભાજપની સરકારે જે વ્યવહાર કર્યો છે તેના કારણે તેમની પણ નારાજગી હતી. બહુધા સમાજો એ ચાહે ઉના વખતે ન્યાય નહી મેળવી શકનારા દલિત ભાઈઓ હોય, આદિવાસીઓ હોય કે બહોળી ઓબીસી અને ક્ષત્રિય સમાજમાં આવતી જ્ઞાતિઓ હોય તે તમામ લોકોનો સંપૂર્ણ વિરોધ હતો એટલે સુરતની સેઈફ સીટ હારી જવાની પણ ભીતિ હતી, જ્યાં જાય ત્યાં કાળા વાવટા આવે છે એટલે કાળા વાવટા નહી ફરકાવવાના તેવો સરકારે જી.આર. કરવો પડ્યો છે. લોકશાહીમાં પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરવાનો મૌલિક અધિકાર હોવા છતાં આવા કામ ભાજપ દ્વારા કરવામાં આવે.

સુરતના ઉમેદવાર નિલેશભાઈ કુંભાણી કે જેઓ યુવાનો ઉમેદવાર છે અને જીતી જશે એવો ડર લાગ્યો એટલે એમને ખરીદવાનું, એમને ડરાવવાનું કામ શરૂ થયું. સુરતના ઉમેદવારે પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું અને મને પણ કહ્યું હતું કે, એ માંગે તે રકમ આપવાનું અને સામાજિક રીતે દબાણ પણ જ્યાં સુધી લેવાય ત્યાં સુધી લાવવાનું કામ ભાજપ પક્ષે કર્યું છતાં નહી ડરેલ ઉમેદવાર સામે સામ, દામ, દંડ, ભેદ અને એનાથી પણ નીચે ઉતરીને જેને લોકશાહીમાં ગ્રાહ્ય ન રાખી શકાય તેવા પ્રકારના હથકંડાઓ શરૂ કર્યા. ટેકેદાર તરીકે સહી કરી હતી તેમની પાસે આ મારી સહી નથી એવી એફિડેવીટ કરી

આભાર - નિહારીકા રવિયા ઉમેદવારીના ત્રણે ફોર્મમાં ટેકેદાર તરીકે સહી કરનાર અને ડમી ફોર્મમાં ટેકેદાર તરીકે સહી કરનાર એમ ચારેય જણને પોલીસ જાપ્તા હેઠળ લઈને જાય છે. પોલીસ જાપ્તા હેઠળ એફિડેવિટ આપે છે કે આ અમારી સહી નથી અને પછી ત્યાંથી ગુમ થઈ જાય છે. નથી મીડિયાને મળવા દેતા કે નથી કોંગ્રેસ પક્ષના વ્યક્તિઓને મળવા દેવાતા કે કોંગ્રેસ પક્ષના ઉમેદવારને પણ મળવા નથી દેવાતા, એને ગુમ કરી દે છે. અમે અરજી આપી કે આ પ્રકારનો દાવો ચાલી શકે નહીં. પહેલી વાત કે કોઈ વ્યક્તિ ના પાડે ત્યારે સામી વ્યક્તિને ઉલટતપાસનો કાયદાએ અધિકાર આપ્યો છે, જેથી અમે તેની ઉલટતપાસ કરવા માંગીએ છીએ, જેથી એને હાજર કરો. એક દિવસનો સમય અપાય છે, એક વ્યક્તિ ઉમેદવારના સંપર્કમાં પણ આવે છે અને કહે છે કે હું આવી જઈશ. પરંતુ કોઈક કારણોસર ફરી એક વખત એનો ફોન બંધ કરી એને ગુમ કરી દેવાય છે. ભાજપ જો ચૂંટણી ચોખ્ખી રીતે યોજાય તો હારી જાય તેમ છે એટલે આવા હથકંડા તેમણે કર્યા છે. આજે સુરતમાં અમારા એડવોકેટો બાબુભાઈ માંગુકિયા અને શ્રી જમીર શેખે ખૂબ વિસ્તારથી દલીલો કરી કે, કાયદાની જોગવાઈ મુજબ ક્યાંય તમે ટેકેદારની સહી ન હોય તો ફોર્મ રદ કરી શકો, પરંતુ ટેકેદાર ના પાડે કે આ મારી સહી નથી તો ફોર્મ રદ કરવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી. બીજી દલીલ કે, ટેકેદારે ફોર્મમાં કરેલ સહી અને આ મારી સહી નથી તેવી એફિડેવીટમાં કરેલ સહી બંનેને ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલો. જો આ હસ્તાક્ષર સરખા હોય તો ફોર્મ રદ ન થઈ શકે. ત્રીજી દલીલ એ કે, કોઈ પણ સાક્ષી કે વ્યક્તિ કાયદામાં વાત કરે ત્યારે એને ભય કે દબાણ નીચે નથી થયું તે માટે ખુલ્લા મનથી એ કહે છે કે કેમ ? એની તપાસ જરૂરી હોય છે. કાયદાની પરિભાષામાં પોલીસ જાપ્તામાં આવીને કહીને ગયેલાને ફરી બોલાવો, પરંતુ તેઓને ફરી બોલાવ્યા નહી.

આ જ પ્રકારની ઘટના કે જેમાં ટેકેદારોએ ચૂંટણી અધિકારી સમક્ષ કહ્યું કે, આ અમારી એફિડેવીટ છે કે આ ફોર્મમાં અમારી સહી નથી આ ઉમેદવારનું ફોર્મ રદ કરો. બે ટેકેદારો જાય છે. ૨૦૧૨ની ચૂંટણી દરમિયાન ૧૫૯-સુરત પૂર્વ વિધાનસભાની આ ચૂંટણી હતી. ચૂંટણી અધિકારી સામે ગીતાબેન મનોજભાઈ જરીવાલા અને મનોજ લલ્લુભાઈ જરીવાલા જઈને એફિડેવીટ આપે છે અને કહે છે કે, આના ફોર્મમાં જે સહી છે તે સહી અમે નથી કરી, જેથી આ ફોર્મ રદ કરો. અહીં સારી પરિસ્થિતિ એ કે, આ બે ટેકેદારો પોલીસ જાપ્તામાં ત્યાં નથી ગયા કે ભાગી નથી ગયા, ત્યાં જ હાજર છે અને ત્યાં જ પ્રેસ-મીડિયાને મળીને કહે છે કે, જે ઉમેદવાર છે તે કંચનુભાઈ જરીવાલાનું ફોર્મ અમારી સહી ન હોવાના કારણે રદ કરો. આ કિસ્સામાં ચૂંટણી અધિકારીના હુકમની નકલ પ્રેસ-મીડિયા સમક્ષ રજુ કરતાં શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ કેસમાં ટેકેદારોની વાંધા અરજી ચુંટણી અધિકારીએ નામંજૂર કરી હતી અને ઉમેદવારનું ફોર્મ સ્વીકારવાનો હુકમ કર્યો હતો. તે દિવસે આમ આદમી પાર્ટીના ઉમેદવાર જો ખસી જાય તો ભાજપને નુકસાન થતું હતું એટલે કાયદો જુદો અને આજે કોંગ્રેસનો ઉમેદવાર લડે તો ભાજપને નુકસાન થાય એટલે કાયદો જુદો. આવું ક્યાંય હોતું નથી.

આજે કોંગ્રેસ પક્ષના ઉમેદવારનું માત્ર એક કારણસર ટેકેદારોએ એફિડેવીટ આપી છે એટલે ફોર્મ રદ કર્યું છે. ચાર મુદ્દા આમાં ઉભા થાય છે. કાયદો સૌના માટે સમાન હોય છે. બંધારણ પણ કહે છે કે, આ જ પ્રકારનો સુરત વિધાનસભાની ચુંટણીમાં નિર્ણય થયો તો આજે જુદો નિર્ણય કેમ ? જેમણે ટેકેદાર તરીકે સહી કરી છે એમણે પોતાના મતદાર કાર્ડની ઝેરોક્ષ, ફોટા બધું જ આપ્યું છે એટલે એવું નથી કે એને ખબર નથી. ચારે-ચાર વ્યક્તિઓને એકસાથે સપનું આગે છે કે, અમારી સહી ક્યાંક ખોટી કરી છે. ચારે-ચાર વ્યક્તિ એક જ ટાઈપીસ્ટ પાસે જાય છે. ચારે-ચારની અરજી આઈડેન્ટીકલી એક સરખી કે આ અમારી સહી નથી. ચારે-ચાર વ્યક્તિ એક જ માણસ પાસે જાય છે એફીડેવીટ કરાવવા માટે નોટરી પાસે. ૫૭, ૫૮, ૫૯, ૬૦ ચારેયના નંબરો ઉપરાઉપરી એક સાથે પડે છે. આવો ક્યાંય સહયોગ હોઈ શકે ખરો ? આ સ્પષ્ટ છે કે આ મેળાપીપણું હતું. ભાજપ સુરતમાં હાર ભાળી ગઈ. ફ્રી, ફેર એન્ડ ફિયરલેસ ઈલેકશન એ પાયાનો સિદ્ધાંત છે એનાથી આ વિરુદ્ધ થયું છે. અમારી લીગલ ટીમ સુપ્રીમ કોર્ટ સુધી લડશે.ચૂંટણી પંચને સવાલ કરતાં શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ તેમની તટસ્થતા જાળવી રાખે એ દેશ માટે જરૂરી છે. આઝાદી બાદ આટલાં વર્ષોમાં દુનિયાભરના દેશોએ આપણા દેશની પ્રતિષ્ઠા વધારી છે અને કહ્યું છે કે સાચી લોકશાહી ક્યાંય પણ ચાલી હોય તો હિન્દુસ્તાનમાં ચાલી છે. ૧૭ પાર્લામેન્ટની ચૂંટણીઓમાં અનેક વખત સત્તા પરિવર્તન થયા. કોઈ પક્ષ કે શખ્સ સત્તામાંથી બહાર પણ ગયા અને સત્તામાં ફરીને આવ્યા પણ નિષ્પક્ષ ચૂંટણી અંગે ક્યારેય દુનિયામાં કોઈએ સવાલ નથી કર્યા. આ વખતે દુનિયાના પ્રતિષ્ઠિત અખબારો અને દુનિયાની પ્રતિષ્ઠિત ચેનલો આપણા દેશની લોકશાહીમાં ચૂંટણી પંચ તટસ્થતાથી નથી ચાલતું તેવી વાત કરે છે, જેનાથી દેશની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. જનતા જનાર્દન મહાન છે, ભાજપે સુરતનું એક ફોર્મ રદ કરવાની ચેષ્ટા કરી છે, પરંતુ મને વિશ્વાસ છે કે, મારા વ્હાલા ગુજરાતીઓ વ્યાજ સાથે ૧ના ૧૧નો બદલો લેશે અને બીજી સીટો પર વધારે મક્કમતાથી કોંગ્રેસનું સમર્થન કરશે.

# હવે કપડાઓની કોઇ જેન્ડર હોય નહીં., કપડા યુનિસેકસ હશે!!!

મહિલાઓના વસ્ત્રો તરફ પુરુષોને સદાય આકર્ષણ રહ્યું છે. અલબત, તેના કારણો વિશે સંશોઘન થયું હોય તેવું લાગતું નથી (ભાઈ રોટલા સાથે નિસ્બત રાખોને ટપ ચપ ની લપ્પનછપ્પન શું કામ કરો છો?? જગત આખાને ઘેલું લગાડનાર આકર્ષણના અદ્ભૂત ખજાના સમાન હોટમહોટ મેરેલિન મનરોએ પહેરેલા આત્રાતરવસ્ત્રોની હરાજીમાં લાખો ડોલર ઉપજયા છે!

દેવો અને દાનવોએ સોનો સાથ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસના ભાગરૂપે સમુદ્ર મંથન કરેલ. જેમાં ચૌદ રત્નો, વિષ, અમૃત નીકળેલ. દાનવો અમૃત પી અમર થઇ હાહાકાર ન મચાવે તે માટે ભગવાન વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કરી અમૃત કુંભ લઇને નીકળેલ. વિશ્વનેહિપીએ દાનવોને અમૃત પીવા દીધું ન હતું!!

આપણે અર્ધ નારેશ્વરની મૂર્તિ કે ફોટો જોયો છે. જેમાં ભગવાન શંકર અડધા શંકર અને અડધા પાર્વતી સ્વરૂપે દર્શાવવામાં આવેલ છે!!

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના નવમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં વૈવસ્વત મનુના જ્યેષ્ઠ પુત્ર રાજા ઈલની જીવન કથા આવે છે. ઈલનું બીજું નામ સુદ્યુમ્ન પણ આલેખાયેલું છે. તે એક સમયે ચંદ્રપ્રભા નામના તેના ઘોડા પર સવાર થઈ વનમાં મૃગયા ખેલવા ગયો તે અજાણતા શરયણ નામના વનમા પ્રવેશ્યો એ સાથે જ તે, તેના સૈન્યના યોદ્ધાઓ અને તેમના બધા ઘોડા નર જાતિમાંથી નારી જાતિમાં પરિવર્તિત થઈ ગયા. પાર્વતીનો એવો શાપ હતો કે એ વનમાં જે પુરુષ પ્રવેશશે તે સ્ત્રી થઈ જશે. સુદ્યુમ્ન સ્ત્રીરૂપ પામ્યો એ પછી એની પૂર્વસ્મૃતિ પણ વિસરી ગયો કે પહેલા પુરુષ હતો. એ પછી તે વનની બહાર સોમના પુત્ર બુધે તે સ્ત્રીને જોઈ. તે તેના પર મોહિત થયો અને તેની સાથે લગ્ન કરી લીધા.

રાજા સુદ્યુમ્ન પાછો ન આવવાથી તેના ઈક્ષ્વાકુ વગેરે ભાઈઓ તેને શોધવા નીકળ્યા. ઘણી જગ્યાએ ફરવા છતાં એનો પત્તો લાગ્યો નહીં. ત્યાં શરવણ વન પાસે ઈલાનો ઘોડો મળી આવ્યો જે ઘોડી બની ગયો હતો. પછી તપાસ કરતાં ખબર પડી કે શિવ-પાર્વતીનું એકાંત સ્થળ જે શરવણ વનમાં છે ત્યાં પ્રવેશાથી ઈલ (સુદ્યુમ્ન) સ્ત્રી બની ગયો છે. બધા ભાઈઓએ ઈલની સ્થિતિ પૂર્વવત્ થાય અને તે પુરુષત્વ પ્રાપ્ત કરે એ માટે શિવની આરાધના કરી. એનાથી પ્રસન્ન થઈ શિવજીએ દર્શન આપ્યા અને તેમની માગણી સાંભળી કહ્યું કે પાર્વતીનો શાપ તદન નિર્મૂળ નહીં થાય. પણ તે એક મહિનો સ્ત્રી અને એક મહિનો પુરુષ રહેશે એવું હું વરદાન આપું છું. એ પછી ઈલે એ રીતે એક મહિનો સ્ત્રી રહ્યા બાદ એક મહિનો પુરુષ બની જતો. પુરુષ કાળમાં ઈલ (સુદ્યુમ્ન)ને ઉત્કલ, ગય અને વિમલ એમ ત્રણ પુત્રો થયા.

મહાભારતમાં શિખંડીના સ્ત્રીમાંથી પુરુષ રૂપે પરિવર્તિત થઈ જવાની વાત આવે છે. પાંચાલનરેશ દ્રુપદને રુદ્રના આશીર્વાદથી એક કન્યા જન્મી. રુદ્રની આજ્ઞા અનુસાર એની સાચી જાતિ છુપાવી રાખવામાં આવી. તેના લગ્ન અને તે પછી પણ એ પુરુષ છે એમ જ જાહેર થતું રહ્યું. એક દિવસ દશાર્ણ સમ્રાટ હિરણ્યવર્માની પુત્રી એવી એની પત્નીને એ જાણ થઈ ગઈ કે એનો પતિ શિખંડી પુરુષ નહિ પણ સ્ત્રી છે એણે એના પિતાને વાત કરી. એના પિતાએ આવી છેતરપિંડીનો બદલો લેવા તે સેના લઈને આવશે એવો સંદેશો મોકલ્યો. શિખંડી વનમાં જતો રહ્યો ત્યાં કઠોર તપ કરવા લાગ્યો. એ વખતે સ્થૂણાકર્ણ નામનો યક્ષ ત્યાં આવી પહોંચ્યો. તેણે શિખંડીની વાત સાંભળી એની તકલીફ દૂર કરવા તેણે દિવ્ય ચિકિત્સા કરી એને પરુષરૂપે ફેરવી દીધો અને એ પાછો ન આવે ત્યાં સુધી એનું સ્ત્રીત્વ પોતે ગ્રહણ કરીને ત્યાં રહેવાનું નક્કી કર્યું. શિખંડી સ્ત્રી નહીં પુરુષ જ છે એની તમામ પ્રકારે ખાતરી કરાયા બાદ હિરણ્યવર્મા પાછો જતો રહ્યો. એની પુત્રીને શિખંડી પાસે પાછી મોકલી થોડા સમયબાદ શિખંડી થકી તેને ક્ષત્રદેવ, ઋક્ષશદેવ વગેરે પુત્રો પણ જન્મ્યા હતા. શિખંડી પૂર્વે સ્ત્રી હતો એ કારણથી ભીષ્મ પિતામહે એના પર બાણ ચલાવ્યું નહોતું. એ સ્થિતિનો લાભ ઉઠાવી શિખંડીને ભીષ્મ પર બાણ ચલાવવાનું કહેવામાં આવ્યું હતું. તેના બાણથી જ ભીષ્મ યુદ્ધના મેદાનમાં પડયા હતા.

ડાબા અને જમણા બંને હાથે એકસરખી દક્ષતાથી બાણ ચલાવનાર સવ્યસાચી એવા અર્જુનને બાર વરસના વનવાસ પછી એક વરસના ગુપ્તવાસમાં બૃહન્નલા બનીને સ્ત્રીઓના વસ્ત્રો ધારણ કરીને જીવન જીવવું પડેલ, બૃહનન્લાની નજાકત,,માર્દવ અને સોંદર્ય પાછળ વિરાટ રાજાનો સાળો કિચક પ્રગલ્લભ એટલે કે ઘેલો બનેલો!!

આપણા નાટકો અને ચલચિત્રોના આરંભમાં સ્ત્રી પાત્રો ભજવવા સ્ત્રીઓ તૈયાર ન હોવાથી બરછટ અને બરડ પુરૂષો કોમળ કોમળ ઋજુ, મુલાયમ, માખણ જેવી લિસ્સી માનુનીના પાત્રો બખૂબી ભજવતા હતા. જયશંકર ભોજકને તેના અપ્રતિમ સ્ત્રી પાત્રોના જાનદાર અભિનય માટે સુંદરીનો ઈલ્કાબ મળેલો. જયશંકરભાઈ નાટકોમાં જે સ્ટાઇલથી સાડી પહેરતા હતા તેની હૂબહૂ નકલ અમદાવાદની શેઠાણીઓ કરવામાં ગૌરવાન્વિત થતી હતી!!

આપણે ત્યાં ઘણી જગ્યાએ નવરાત્રિમાં પુરૂષોએ મહિલાના કપડા ધારણ કરી ગરબા રમવા પડે છો એક મજાક મુજબ સ્ત્રી -પુરૂષ પરણે એટલે મારો લેંઘો, મારી સાડી, મારો ચણિયો શબ્દો લોપ પામી આપણો લેંઘો, આપણા સાડી અને આપણો ચણિયા બંને છે. મારા-તારોનો લોપ કર્યા પછી જે આપણાપણું સર્જાય છે, તે જ અદ્વૈત છે!! મહિલાઓએ પૂરુષોના કપડા પર રીતસર આક્રમણ કર્યું છે!! પુરૂષોના લેંઘાને પલાજો બનાવી દીધો.પુરુષોની પેન્ટ ,શર્ટ, ઝભ્ભા,કર્તાઓ છીનવી લીધા છે. તમે પુરૂષ તરીકેબેનોનો ચણિયો, સ્કર્ટ,ટયુબટોપ,બ્રેસિયર્સ પચાવી પાડી શકો નહીં.!!પુરુષોના કપડા સ્ત્રીઓના કપડા જેવા મુલાયમ હોતા નથી। બરછટ અને રૂક્ષ હોય છે. કેમ કે તેના કપડાં ખાદી, છલ્લી , માદરપાટ , કોટન, ટેરિકોટન જેવા કપડાંમાંથી બને છે.સ્ત્રીના વસ્ત્રો માટે રેશમ, ચિનાંશુક, મુલાયમ કપડાંની રેન્જ ઉપલબ્ધ જ હોય છે. !!

હમણા અમેરિકામાં કપડાઓની કોઇ જેન્ડર હોય નહીં., કપડાં પુલિંગ કેસ કે સ્ત્રીલિંગ નહીં હોય. કપડા યુનિસેકસ હશે!!!

ભરત વૈષ્ણવ

## વિધવા પુત્રીના પુનઃશુભ લગ્ન

# ભવનાથ રોડ પર આવેલ બાલનાથ મહાદેવ મંદિરે થયા

જૂનાગઢ તા.૨૧/૪. જુનાગઢ સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ દ્વારા ધોબી સમાજના શ્રી અનિલભાઈ કાંતિભાઈ વાજા, ટીબાવાડીના સુપુત્ર વિપુલ નું ચાર વર્ષ પહેલા કેન્સર થી અવસાન થતાં તેમના પત્ની નીતાબેન સાથે બે નાની દીકરીઓને સસરા અનિલભાઈએ સાચવી દીકરીની જેમ રાખી હતી પરંતુ આજે મા-બાપ બની નીતાબેન ના તળાજા મુકામે રહેતા ધોબી પંકજભાઈ સાથે હાર તોરા કરી લગ્ન ગ્રંથિથી બંધાયેલ આમ ધામે ધુમે પુન: લગ્ન કરાવી સાથે કરિયાવર માં સોનાનું દાન પણ આપેલ છે.



આ પ્રસંગે સત્યમ સેવા યુવક મંડળ ના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા, પ્રજ્ઞેશભાઈ વાજા, ધોબી સમાજ, જૂનાગઢના પ્રમુખશ્રી મનસુખભાઈ સોલંકી, અશોકભાઈ પરમાર તથા સમાજ ના આગેવાનશ્રીઓ એ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ આપેલ હતાં, વૈદિક મંત્રોચ્ચાર સાથે હસ્તમેળાપ થયેલ આ તકે જેઠાભાઈ પાનેરા, શ્રી પરશુરામભાઈ ચૌહાણ ,છોટુભાઈ વાજા, અલ્પેશભાઈ પરમાર , જયંતીભાઈ બ્રહ્માણી, અશોકભાઈ વાજા, રોનકભાઈ વાજા, અરૂણભાઈ પરમાર, રમેશભાઈ પરમાર તથા વિમલભાઈ ચૌહાણ,રાજેશભાઈ કે વાજા, અરવિંદભાઈ રાઠોડ, જેન્તીભાઈ જીવનભાઈ વાળા નર્મદાબેન જે દીકરીના માતા-પિતા છે. ઈશ્વરભાઈ પરમાર એડવોકેટ અશોકભાઈ સોલંકી, વિગેરે આગેવાનશ્રીઓએ હાજર રહી નવદંપતી આશીર્વાદ આપેલ હતાં.

આ પ્રસંગ ને સફળ બનાવવા માટે સત્યમ સેવા યુવક મંડળ તથા ધોબી સમાજના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# લોક ભવાઇનો સિતારો ખરી પડ્યો....

ખારચીયા (તા.જી.રાજકોટ.) નિવાસી ધુરંધર કલાકાર સ્વ.હસુભાઈ ઈશ્વરભાઈ મંડલી વ્યાસ નું અવસાન ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારનુ મનગમતુ મનોરંજન એટલે લોક ભવાઈ.ભાતીગળ સંસ્કૃતિ અને ધરોહર ગણાતી લોક ભવાઈ કલાને અનેક સિતારાઓ એ વ્યાસ જ્ઞાતિ નું ગૌરવ વધારી રહ્યા છે. એ માહેના એક મુખ્ય કલાકાર... સ્વ.હસુભાઈ ઈશ્વરભાઈ મંડલી વ્યાસ નું અવસાન થતા ચાહક વર્ગમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી રહી છે....

સૌરાષ્ટ્ર , કચ્છ, કાઠિયાવાડ હાલાર પંથક તેમજ ગુજરાત સહીત સમગ્ર ભારત દેશ માં કલા ના એક ઉચ્ચ અને નામી કલાકાર હતા...

નિખાલસ ,નિર્દોષ અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા લોકભવાઈના ઉચ્ચ કલાકાર સ્વ.હસુભાઈ ઈશ્વરભાઈ મંડલી વ્યાસ ના સ્વર્ગવાસથી માત્ર લોક ભવાઈ અને એમના ચાહકોને જ પરંતુ સમગ્ર વ્યાસ જ્ઞાતિને કદી ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

પ્રભુ પરમાત્મા તેમના દિવ્ય આત્મા ને શાંતિ આપે....

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

# કુદરતને ખોળે, પ્રકૃતિની ગોદમાં એન.ઓ.જી સાહિત્ય સરિતા ગ્રુપ "વન-ડે પિકનિક સાહિત્ય વર્કશોપ"















"ધ અધર સાઈડ" ગૌતમ અદાણી ફાર્મ ,ચેખલા.અમદાવાદ ખાતે પ્રાકૃતિક સૌંદર્ય અને લીલી છમ હરિયાળી ના એક શ્રી જીતેન્દ્ર શાહ ના ફાર્મ હાઉસ ઉપવન માં ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના સભ્યો નો "વન ડે પિકનિક સાથે સાહિત્ય વર્કશોપ"કાર્યક્રમ તાઃ૨૪,શનિવાર ના રોજ સવારે ૧૦ થી સાંજે સાત વાગ્યા સુધી યોજાઇ ગયો.ગ્રુપ સંચાલક પ્રદીપ રાવલ,સહ સંચાલક મીનાક્ષી રાવલ, એડમીન સભ્ય વિભૂતિ બેન દેસાઈ, ડો.મનીષા વ્યાસ ના આયોજન માં ગ્રુપ ના સભ્ય શ્રી જીતેન્દ્ર શાહ,દીપિકા જીતેન્દ્ર શાહ પરિવાર ના યજમાન આતિથ્ય પદે તેમના ફાર્મ હાઉસ મા સાહિત્યકાર,સર્જકો નો મેળાવડો યોજાઇ ગયો,મુખ્ય મહેમાન માર્ગદર્શક વિખ્યાત કવિ શ્રી કૃષ્ણ દવે,સાહિત્યકાર સિનિયર સર્જકો જયશ્રી પટેલ,સરલા સુતરીયા વડોદરા ના ખાસ આમંત્રિત સર્જકો ના માર્ગદર્શન માટે પધાર્યા હતા.દીપ પ્રાગટ્ય,અતિથિ સન્માન સાથે ઉપસ્થિત અતિથિ કવિ શ્રી કૃષ્ણ દવે દ્વારા સુંદર દૃષ્ટાંત સાથે સાહિત્યિક માર્ગદર્શન સવારે ૧૧ થી ૧ દરમ્યાન પીરસવામાં આવ્યું હતું.ગ્રુપ ના સૌ સર્જકો દ્વારા સાહિત્યિક પ્રશ્નો,જવાબો ની આપલે થઈ હતી.ત્યારબાદ દ્વૈય સાહિત્ય સરિતા ગ્રુપ સંચાલક દ્વારા ગ્રુપની પ્રવૃત્તિઓ નો અહેવાલ અપાયો હતો.જયશ્રી પટેલ તેમજ સરલા સુતરીયા દ્વારા સર્જકો ને ગદ્ય.પદ્ય રચનાઓ વિષયક ગુજરાતી વ્યાકરણ ,વિભક્તિ નો ખ્યાલ રાખવા માટે સૂચનો થયા હતા.સોશિયલ મીડિયા ઉપર છવાઈ જવા બાબતે ક્યાંક સાહિત્ય અને તેના મૂલ્યો જળવાતા નથી તે બાબતે "પપ્પા ક્યા ખોવાઈ ગયા અને ક્યારેક સોશિયલ મીડિયામાં કે અખબાર માં કોલમ લખનાર તરીકે દેખાય છે તે બાબત ની રચના સાથે કવિ કૃષ્ણ દવે દ્વારા સુંદર સમજ આપવામાં આવી હતી.ત્યારબાદ ૧:૩૦ વાગે યજમાન શ્રીમતી દીપિકા શાહ,સહ સંચાલક મીનાક્ષી રાવલ તેમજ જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક ના જન્મ દિવસ નિમિતે ની બર્થ ડે કેક કાપવામાં આવી હતી.સુંદર જન્મદિન ગાન ગાઈને સૌ સર્જકો વચ્ચે જન્મદિવસ ની સરસ ઉજવણી કરવામાં આવી...ત્યારબાદ સૌ ઉપસ્થિત સભ્ય.પરિવારજનોસાથે સમૂહમાં ભોજન કર્યું હતું..વિરામ બાદ ગ્રુપ ના સભ્યો પલ્લવી જોષી,પ્રતીક સોની,દિલીપ ધોળકિયા,અરુણ જાદવ,શ્યામ ગોયાણી,જીતેન્દ્ર શાહ,હસમુખ પટેલ,પ્રીતિ શાહ પટેલ,દેવેન્દ્ર જોષી, સૂરમી બધેકા,જ્યોતિ પરમાર દ્વારા સુંદર સ્વ રચિત રચનાઓ નું પઠન કરવામાં આવ્યું હતું ..ત્યારબાદ ગરમી મા કાચી કેરી ના જ્યુસ ની લહેજત માણ્યા બાદ એ.સી હોલમાં જ જાણીતા ગીત સંગીત ના જાણકાર એવા ડો.મનીષ શાહ,કિન્નરી બેન દ્વારા કરોકે ગીત સંગીત નો કાર્યક્રમ શરૂ કરવામાં આવી હતો.બે કલાક સુધી સંચાલક પ્રદીપ રાવલ,મિનાક્ષી રાવલ,મનીષ શાહ,કિન્નરી બેન,પ્રીતિ શાહ પટેલ દ્વારા સુંદર ગીતો થી વાતાવરણ એકદમ સંધ્યાએ ખુશ્બુ માં આવી ગયું હતું .સાથે સાથે ગ્રુપ ના સભ્ય શ્રીમતી નયના પટેલ(વડોદરા) દ્વારા લિખિત પુસ્તક "લાગણીઓ ને પેલે પાર" પુસ્તક નું વિમોચન જયશ્રી પટેલ,સરલા સુતરીયા,પ્રદીપ રાવલ અતિથિ માર્ગદર્શક દ્વારા કરવામાં આવ્યું હતું.માતૃભાષા દિન નિમિતે તે વિષયક સ્પર્ધા ના વિજેતાઓ ને સર્ટિફિકેટ,એવોર્ડ આપવામાં આવ્યા હતા.સાંજે ૭ વાગે સૌ સભ્યો હાઈ ટી લઈને છૂટા પડ્યા હતા.મુંબઈ,સુરત,બરોડા,નવસારી, બીલીમોરા,જૂનાગઢ,ધંધુકા,તલોદ અને અમદાવાદ થી આવેલા સૌ સાહિત્યિક સર્જકો એ આ વન ડે.પિકનિક સાથે આ પ્રથમ સાહિત્ય વર્કશોપ, કરોકે ગીત સંગીત નો કાર્યક્રમ ખૂબ સરસ રીતે માણી ને યજમાન,સહયોગી પરિવાર ને પણ ખુશ કરી દીધા હતા..

## ડાંગ જિલ્લામાં નવા શિક્ષણ સત્રમાં શાળા પ્રવેશ કાર્ય સંદર્ભે શિબિર યોજાઇ



### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વઘઇ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે શિબિર યોજાઇ

આહવાઃ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વઘઈ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી ડાંગના સંયુક્ત ઉપક્રમે આયોજિત તા.૧૮ થી તા. ૨૦ એપ્રિલ ૨૦૨૪ સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જીગ્નેશભાઈ એન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને વઘઈ, આહવા અને સુબિર તાલુકામાં બાળકોના નવા સત્રમાં પ્રવેશકાર્ય નવા સત્રની પુર્વ તૈયારીના સંદર્ભે શાળાઓ માટે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.ત્રણેય તાલુકામાં તમામ પ્રાથમિક અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય, સંબધિત ઝઈઝ અને પોષક શાળાઓમાં બાળકોના પ્રવેશ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જીગ્નેશભાઈ એન ત્રિવેદીએ ઝીણવટભર્યુ આયોજન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડાંગ જિલ્લાના બાળકો બાલવાટિકા થી લઈને શૈક્ષણિક કારકિર્દી પૂર્ણ કરે ત્યાં સુધી કઈ રીતે શિક્ષકો પેતાની ભૂમિકા ભજવે તે અંગે તબક્કાવારની સમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આપી, જિલ્લાના શૈક્ષણિક સ્તરને ઉચું લાવવામાં સમગ્ર શાળાના આચાર્યને આહ્વાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સરકારી-ગ્રાન્ટેડ પ્રાથમિક/ માધ્યમિક આચાર્ય મિત્રો, શિક્ષણ સેવા વર્ગ-૨ના આચાર્ય, કેન્દ્ર શિક્ષક, બી.આર.સી./ સી.આર.સી.શ્રીઓને ડાંગ જિલ્લાના બાળકો બાલવાટિકા કે પ્રાથમિક/માધ્યમિક શાળામાં પ્રવેશથી વંચિત ન રહે તે અંગે સંપુર્ણ માર્ગદર્શન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.આ શિબિરમાં ત્રણેય તાલુકામાં ડાયેટના પ્રાચાર્યશ્રી ડૉ.બી.એમ.રાઉતે શાળાઓમાં પ્રવેશકાર્યની પ્રસ્તાવના અને હેતુઓ સંબંધિત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. એજ્યુકેશનલ ઈન્સ્પેકટર શ્રી વી.ડી.દેશમુખે તમામ આચાર્યશ્રીઓને શાળાઓમાં બાળકોને પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિકમાં બાળકોને કઈ રીતે વાલી પરિષદ દ્વારા પ્રવેશ કરવાના સુચનો કર્યા હતા. નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એન.એચ.ઠાકરેએ શાળાઓમાં બાળકોની ટ્રેકિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવે અને તમામ બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લામાં તા.૦૧/૦૬/ ૨૦૨૪ સુધી ૫ વર્ષ પુર્ણ કરેલ બાળકો બાલવાટિકામાં આધાર પુરાવા સહિત વાલી સ્લીપ દ્વારા પ્રવેશ મેળવે તેમજ ધોરણ ૬ અને ધોરણ ૯માં બાળકોનો પ્રવેશ ગામની કે કેન્દ્રની ઉચ્ચતર પ્રાથમિક અથવા માધ્યમિક શાળામાં બાળક કઈ રીતે વાલી સંમેલન દ્વારા પ્રવેશ મેળવશે એનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવેશ સંબંધિત બાળકોની માળખાકીય જરૂરિયાત આધારિત ટ્રાન્સપોર્ટેશન સુવિધા અને સિઝનલ હોસ્ટેલ માટે નવું સત્ર ૨૦૨૪-૨૫થી મંજુરી મેળવવા નિયમોનુસાર શાળાઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તે અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ શાળાઓમાં બાળકોના પ્રવેશ માટે તાલુકા કક્ષાએ અને કલ્સ્ટર કક્ષાએ સમિતિની રચના કરી શાળાઓમાં વેકેશન દરમિયાન શાળા સલામતી અને સ્વચ્છતા સંદર્ભે આયોજન હાથ ધરાવામાં આવ્યું હતું.

### ચેરાપુંજી તરીખે ઓળખાતો જિલ્લો એટલે ડાંગ

## કલ્પવૃક્ષઃમહુડાના વૃક્ષના ફૂલ- ફળ જિલ્લાના આદિવાસીઓ માટે રોજગારી બન્યાં



ડાંગ જિલ્લા સહિત મધ્ય ગુજરાતનાં આદિવાસીઓ હાલ મહુડાની સીઝન દરમિયાન લોકો ફૂલ વીણીને આર્થિક ઉપાર્જન મેળવી રહ્યા છે. મહુડાનું વૃક્ષ એક એવું વૃક્ષ છે કે જે ફુલ અને ફળ બન્ને આપી લોકોને રોજગારી પ્રદાન કરી રહ્યું છે. ત્યારે ડાંગ જિલ્લાની ખડતલ ભૂમિ ઉપર મોટા પ્રમાણમાં મહુડાનાં વૃક્ષો સચવાયેલાં જોવા મળી રહ્યાં છે.

ડાંગ જિલ્લાના આદિવાસી સમાજમાં વર્ષો પહેલાં મહુડાના ઝાડ માટે બનાવવામાં આવેલાં નિયમોનું આજે પણ લોકો પાલન કરી રહ્યા છે. વર્ષો પહેલાં મહુડાનાં ઝાડ માટે લાગુ કરાયેલા નિયમો મુજબ જે કુટુંબને મહુડાનું વૃક્ષ ભાગે આવેલ હોય તે ઝાડનું રક્ષણ જેતે કુટુંબને કરવાનું હોય છે. તો મહુડાનાં ફૂલ પણ જેતે કુટુંબને વીણવાનાં હોય છે. અને મહુડાના ફૂલોમાં ઘણી બધી ખાંડ, ખનિજો અને વિટામિન હોય છે. આ ફૂલના અર્કમાંથી ખાસ આલ્કોહોલિક પીણું બનાવવામાં આવે છે. જે આદિવાસી લોકોનું પ્રિય પીણું છે.મહુડાનું પ્રત્યેક વૃક્ષ ફૂલ,ફડ, મળી વર્ષે ૩ હજારથી ૫ હજારની આવક પૂરું પાડતું હોય જેને લઈને આદિવાસીઓનાં કમાઉ દીકરા સમાન બન્યું છે.અને આયુર્વેદિક ગુણોને લીધે સમગ્ર માનવ સમાજનું કલ્પવૃક્ષ સમાન બન્યું છે.

## ચાણસ્મા ખાતે આઠ સી આરં સી કેન્દ્રો સખીમંડળો દ્વારા મતદાન જન જાગ્રૃતિ અભીયાન અંતર્ગત રંગોળી ચિત્રણ સાથે મતદાન કરાવવાનો સંકલ્પ કાર્યક્રમ યોજાયો



લોક સભા ની ચૂંટણી અન્વયે મતદાન નો દિવસ આડે ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે. ત્યારે મતદારો દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે દિશા માં તંત્ર દ્વારા મતદારો માં મતદાન કરવા પ્રેરાય તેવા શુભ હેતું સર અને ક કાર્યક્રમો જેવા કે રંગોળી હરીફાઈ ભવાઈ સંકલ્પ લેવા સહિત ના જનજાગ્રતિ અભિયાન ના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે ચાણસ્મા ના આઠ સીઆરસી કેન્દ્રો પર બાળકો દ્વારા મતદારો મતદાન કરવા પ્રેરાય તેવી રંગોળીઓનું બાળકો દ્વારા આકર્ષક 'ચિત્રણ કર્યું હતું જ્યારે ચાણસ્મા ખાતે શાળા કુંમાર-૨ ખાતે બી.આર સી. કોઓ પંકજભાઈ પટેલ ના માર્ગદર્શન નીચે મંડલોપ પ્રા શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ દ્વારા બાળકો ની મદદથી મતદાન જાગૃતિ ને વેગ મળે તેવી આકર્ષક રંગોળી પુરવામાં આવી હતી જયારે ચાણસ્મા તા.પં ખાતે સંખીમંડળો ની બહેનો ની ઉપસ્થિતી માં મતદાન જાગૃતિ અંગે ના સંકલ્પ સુપરવાઈઝર ફલ્ગુની બેન દ્વારા સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા જેમાં તા.વિ.અ સી.બી. લિમ્બાચીયા સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા




જૈન સોશિયલ ગ્રુપ સુરેન્દ્રનગર સિલ્વર દ્વારા શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિતે પક્ષીઓ માટે પાણી ના કુંડા, પક્ષી ઘર, કાંગ અને જાર નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

જૈન સોસ્યલ ગ્રુપ સુરેન્દ્રનગર સિલ્વર દરેક સમય માં જીવદયા ના કાર્ય ને પ્રોત્સાહન આપતા હોય છે. આ વર્ષે પણ અસહ્ય ગરમીથી જનજીવન ઠપ્પ છે ત્યારે પક્ષીઓ માટે પાણી ના કુંડા, ચકલી ઘર, કાંગ અને જાર નું વિતરણ મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ પાસે, જવાહર રોડ, સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવેલ. શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિતે પક્ષીઓ માટે ૬૦૦ પાણી ના કુંડા, ૪૦૦ પક્ષી ઘર, કાંગ અને જાર નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. જેમાં સિલ્વર ગ્રુપ ના પ્રેસીડન્ટશ્રી કૃણાલભાઈ મહેતા અને સેક્રેટરી ગુંજન સંઘવી સહીત સમગ્ર કારોબારી ટીમ ઉપસ્થિત રહેલ

## જૂનાગઢમાં રૂ.૬,૦૦૦ ની કિંમતના સામાનનું બેગ ખોવાતા નેત્રમ શાખા પોલીસ દ્વારા ગણતરીની ક્લાકોમાં શોધી આપેલ




જૂનાગઢ તા.૨૦/૪ અરજદાર અરૂણભાઈ અરવિંદભાઈ રાખોલીયા કે જેઓ સુરતના વતની અત્રે જે.એન.ભાટુ કોલેજ જૂનાગઢ ખાતે અભ્યાસ કરતા હોવાથી કોલેજ થી બસ સ્ટેશન જવા માટે ઓટો રિક્ષામાં બેસેલ અને મોતીબાગ પાસે ઓટો રિક્ષામાંથી ઉતર્યા બાદ તેઓ બસ સ્ટેશન જવા માટે બીજી ઓટો રિક્ષામાં બેસેલ છે ત્યારે તેમને માલુમ થયેલ કે તેમનું રૂ.૬,૦૦૦/- ની કિંમતના સામાનનું બેગ ઓટો રિક્ષામાં જ ભુલાઈ ગયેલ, આથી નેત્રમ શાખા (કમાન્ડ * કંટ્રોલ સેન્ટર) ને જાણ કરતા નેત્રમ શાખાના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, એ.એસ.આઈ વર્ષાબેન વઘાસીયા, પો.કોન્સ હાર્દિકભાઈ સિસોદીયા, હિનાબેન વેગડા, એન્જીનીયર નિતલબેન મહેતા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી અરૂણભાઈ રાખોલીયા મોતીબાગ પાસે જે ઓટો રિક્ષામાંથી ઉતરેલ તે ઓટો રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ ઝઝ્ફ ફૂટેજની મદદથી ચેક કરતા અરૂણભાઈ પોતાનું રૂ.૬,૦૦૦/- ની કિંમતના સામાનનું બેગ જે ઓટો રિક્ષામાં ભુલી ગયેલ હોય તે ઓટો રિક્ષાનો રજી. નં. ય્ન-૧૧ે-૧૦૩૬ શોધી પોલીસ સ્ટાફ દ્વારા ઓટો રિક્ષા ચાલકનો સંપર્ક કરી રૂ.૬,૦૦૦/- ની કિંમતના સામાનનું બેગ શોધી રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે અરૂણભાઈએ જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.